| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૦/૧૨/૨૦૨૨ |
| રજિસ્ટરે લીધા તારીખ | ૨૦/૧૨/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૨૮/૦૨/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ– માસ– દિવસ |

**અમદાવાદ(રૂરલ) ના પાંચમા એડી. જ્યુડી. મેજી.ફર્સ્ટ કલાસ**

**(ડી.એમ.બાવીશી સાહેબ)ની કોર્ટમાં, મુ. જુની હાઈકોર્ટ, નવરંગપુરા, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં.૧૮૬૩૯/૨૦૨૨**
**આંક:–**

ફરીયાદી : શ્રી સરકાર

(વેજલપુર પો.સ્ટે. પાર્ટ ''એ''–૧૧૧૯૧૦૨૮૨૨૦૯૪૪/૨૦૨૨)

વિરુધ્ધ

આરોપીઓ : (૧) મોહંમદઈમરાન મોહંમદશરીફ સલાટ,
(૨) સુરૈયાબાનુ વા/ઓ મોહંમદઅખ્તર મેહમુદભાઈ શેખ,
બન્ને હાલ રહે. મ.નં.જી.એફ.૧૦, રાજ રેસીડેન્સી નાસીરની કીટલીની ગલીમાં, ફતેવાડી કેનાલ પાછળ, ફતેવાડી, અમદાવાદ શહેર.

---

**ગુન્હો: ધી ઈ.પી.કોડની કલમ : ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ...**

---

ફરીયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી. એ.એસ. નાયક
આરોપીઓ તરફે વિ.વ.શ્રી. એ.આઈ. ઘોઘારી

---

**–:: ચુ કા દો ::–**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીના લગ્નના એક મહીના બાદથી તા.૦૬/૦૭/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદીની સાસરીમાં ફરીયાદી ઉપર

ખોટા ખોટા વ્હેમ રાખી અવાર નવાર બોલાચાલી, ઝગડો કરી, ગંદી બિભત્સ ગાળો બોલી, આરોપી નં. ૨ નાઓ આરોપી નં. ૧ નાને ફરીયાદી નાઓની ખોટી ચઢામણી કરી ''તને રસોઈ બનાવતા આવડતુ નથી તારી મા એ તને શુ શિખવાડયુ છે'' તેમ કહી મેણા ટોણા મારી, ગડદાપાટુનો માર મારી, શારીરિક તથા માનસિક ત્રાસ આપી, એકબીજાની મદદગારી કરી ધી ઈ.પી.કોડની કલમ : ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ. જેથી ઉપરોકત ગુનાના કામે, વેજલપુર પો.સ્ટે. પાર્ટ ''એ''–૧૧૧૯૧ ૦૨૮૨૨૦૯૪૪/૨૦૨૨ થી સદર આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા, સદર ગુનાના કામે તપાસ કરનાર અમલદારે લાગતા–વળગતા સાહેદોના નિવેદન લઈ, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં, સદર કામે આરોપીઓ વિરુધ્ધના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી થવા સારુ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સદર ચાર્જશીટ દાખલ થતાં, જે તે સમયે હકુમત ધરાવતા વિ. જયુડી. મેજી. ફ.ક. શ્રીનાઓએ તેને ધોરણસર રજીસ્ટરે લઈ ફોજદારી કેસના કામે આરોપીઓ વિરૂધ્ધ ધ કોડ ઓફ ક્રિમીનલ પ્રોસીઝર, ૧૯૭૩ ની કલમ ૨૦૪ મુજબ હાજર રહેવા અં ગેનો સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં, જે ધોરણસર બજી જતાં તેઓ તેમના વકીલશ્રી મારફતે હાજર થતા ધ કોડ ઓફ ક્રિમીનલ પ્રોસીઝર, ૧૯૭૩ ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ, તેમજ ઉપરોકત ગુનાઓ અંગે આરોપીઓની **આંક–૦૭ થી આંક–૦૮ સુધી** પ્લી રેકર્ડ કરતાં, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ.

(૩) સદર કામે ફરીયાદ પક્ષે નીચે મુજબ મૌખિક તેમજ લેખિત પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

(૧) આંક–૧૦ થી ફરિયાદી રીઝવાનાબાનુ મો.ઈમરાન સલાટની જુબાની

**<u>લેખીત પુરાવો :–</u>**

(૧) આંક–૧૧ થી ફરીયાદ

**(૪)** આ સિવાય રેકર્ડ પર અન્ય કોઈ પુરાવો ફરિયાદ પક્ષે રજુ કરેલ નથી અને આંક–૧૩ થી કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે. આ કામે ફરીયાદ પક્ષના પુરાવાઓ ને વંચાણે લેતા આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૩૧૩ મુજબનું નિવેદન નોધવા લાયક પુરાવો જણાઈ ના આવતા વિશેષ નીવેદન નોંધવામાં આવેલ નથી. આ કામે બંને પક્ષકારોના વકીલશ્રીઓ ધ્વારા મૌખિક દલીલો રજુ કરતા સાંભળવામાં આવેલ.

**(૫)** સદર કામે નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–: મુદ્દા :–**

**મુદ્દા નં.૧ : –** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીના લગ્નના એક મહીના બાદથી તા.૦૬/૦૭/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદીની સાસરીમાં ફરીયાદી ઉપર ખોટા ખોટા વ્હેમ રાખી અવાર નવાર બોલાચાલી, ઝગડો કરી, ગંદી બિભત્સ ગાળો બોલી, આરોપી નં. ૨ નાઓ આરોપી નં. ૧ નાને ફરીયાદી નાઓની ખોટી ચઢામણી કરી ''તને રસોઈ બનાવતા આવડતુ નથી તારી મા એ તને શુ શિખવાડયુ છે'' તેમ કહી મેણા ટોણા મારી, ગડદાપાટુનો માર મારી, શારીરિક તથા માનસિક ત્રાસ આપી, એકબીજાની મદદગારી કરી ઘી ઈ.પી.કોડની કલમ : ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ આ કામના આરોપીઓએ ફરીયાદીના લગ્નના એક મહીના બાદથી

તા.૦૬/૦૭/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદીની સાસરીમાં ફરીયાદી ઉપર ખોટા ખોટા વ્હેમ રાખી અવાર નવાર બોલાચાલી, ઝગડો કરી, ગંદી બિભત્સ ગાળો બોલી, આરોપી નં. ૨ નાઓ આરોપી નં. ૧ નાને ફરીયાદી નાઓની ખોટી ચઢામણી કરી ''તને રસોઈ બનાવતા આવડતુ નથી તારી મા એ તને શુ શિખવાડયુ છે'' તેમ કહી મેણા ટોણા મારી, ગડદાપાટુનો માર મારી, શારીરિક તથા માનસિક ત્રાસ આપી, એકબીજાની મદદગારી કરી ધી ઈ.પી.કોડની કલમ : ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાઓના મારા ન્યાયીક નિર્ણય અને તારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**(૭)** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપીઓ સામેનો કેસ ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ અને ફરિયાદ પક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

(૮) સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૦ થી ફરીયાદી રીઝવાનાબાનુ મો.ઈમરાન સલાટને સોગંદ ઉપરની જુબાનીમાં તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૬/૦૭/૨૦૨૨ ના રોજ તેમણે વેજલપુર પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેમને બતાવતા તેમાં તેમની સહી છે. જેને રજુ દા.આંક–૧૧ આપવામાં આવે છે. તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. આરોપીએ તેમને કોઈ શારીરિક કે માનસિક ત્રાસ આપેલ નથી.

સદરહુ ફરીયાદી પોતાની જુબાનીથી ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી. આરોપી પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં સરદહુ ફરીયાદી જણાવે છે કે, આવેશમાં આવીને ફરીયાદ કરેલ પરંતુ તેમાં શું લખેલ તે તેમને ખબર નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફથી પુરાવા રજુ કરવામાં આવેલ છે, તેનું સમગ્ર રીતે મુલ્યાંકન કરતા, ફરીયાદપક્ષ તરફે આંક–૧૦ થી ફરીયાદી રીઝવાનાબાનુ મો.ઈમરાન સલાટ નાઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. આરોપીએ તેમને કોઈ શારીરિક કે માનસિક ત્રાસ આપેલ નથી. આમ, સદરહુ ફરીયાદીએ પોતાની જુબાનીથી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ નથી. આરોપી તરફેની ઉલટ તપાસમાં સદરહુ ફરીયાદી એ હકીકત જણાવે છે કે, આવેશમાં આવીને ફરીયાદ કરેલ પરંતુ તેમાં શું લખેલ તે તેમને ખબર નથી. આમ, આ કામના આરોપીઓએ ફરીયાદીના લગ્નના એક મહીના બાદથી તા.૦૬/૦૭/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન ફરીયાદીની સાસરીમાં ફરીયાદી ઉપર ખોટા ખોટા વ્હેમ રાખી અવાર નવાર બોલાચાલી, ઝગડો કરી, ગંદી બિભત્સ ગાળો બોલી, આરોપી નં. ૨ નાઓ આરોપી નં. ૧ નાને ફરીયાદી નાઓની ખોટી ચઢામણી કરી ''તને રસોઈ બનાવતા આવડતુ નથી તારી મા એ તને શુ શિખવાડયુ છે'' તેમ કહી મેણા

ટોણા મારી, ગડદાપાટુનો માર મારી, શારીરિક તથા માનસિક ત્રાસ આપી, એકબીજાની મદદગારી કરી હોય તેવું ફરીયાદીની જુબાની ઉપરથી ફલિત થતુ નથી. આમ, ફરીયાદ પક્ષે આરોપીઓ સામેના આક્ષેપાયેલ ગુન્હા સાબિત કરવાના હોય. ત્યારબાદ ફરીયાદપક્ષના મહત્વનાં ફરીયાદી ધ્વારા ફરીયાદની હકીકતોને સમર્થન મળવું આવશ્યક હોય અને ફોજદારી ન્યાયના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો હોય છે. આમ, ફરીયાદપક્ષે આરોપીઓને આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ સબળ પુરાવો રજુ કરી શકેલ નથી તેમજ તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોય, જે આંક–૧૩ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. વળી, હાલના કેસમાં જયારે ફરીયાદી આરોપીઓ વિરુધ્ધ ગુનાના આક્ષેપિત તત્વોને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી અહીં ફરીયાદી તરફથી આરોપીઓ સામે જે આક્ષેપો કરવામાં આવેલા છે તે આક્ષેપોને સાબિત કરવા માટે ફરીયાદ પક્ષ તરફથી કોઈ ઠોસ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી આરોપીઓ ને આક્ષેપિત ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય તેમ ન હોય, સદર કામે ફરીયાદ પક્ષની હકીકતો પુરવાર થતી નથી.

ઉપરોકત હકીકતે અગાઉ ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ જે પુરાવો આપેલ છે, તેની ગુણદોષ ઉપર ચર્ચા કર્યા અનુસાર આ કામના આરોપીઓએ ઉપરોકત જણાવેલ ગુનો કરેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થતુ ના હોય અને આરોપીઓને તેમની સામેના આક્ષેપિત ગુન્હાઓમાં તકસીરવાન ઠરાવી ફોજદારી જવાબદારી નકકી કરી શકાય નહીં. જેથી સદર ગુનામાં આરોપીઓની કોઈ ભુમિકા છે તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ લગત નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## ::: હુ ક મ :::

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫(૧) મુજબ આ કામના આરોપીઓને ધી ઈ.પી.કોડની કલમ : ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનામાંથી પુરાવાના

અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના અગાઉ લીધેલા જામીનખત ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૨૮ મી, માહે: ફેબ્રુઆરી, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૮–૦૨–૨૦૨૫
મુ.અમદાવાદ.

(ડી.એમ. બાવીશી)
પાંચમા એડી.જયુડી. મેજી.ફ.ક.
અમદાવાદ(રૂરલ), નવરંગપુરા.
*યુ.આઈ.સી.નં. જી જે૦૧૩૮૦*

*(જી.એસ. મકવાણા)*